ડીસાના લોધા વાસમાં દશામાંની મૂર્તિની સ્થાપના સાથે વ્રતની ઉજવણીનો આરંભ

અષાઢી અમાસથી દશામાના વ્રતની શરુઆત થઈ છે ત્યારે ડીસા શહેરમા રહેતા કાન્તિલાલ લોધાના નિવાસ સ્થાને આજે દશામાની મુર્તિ લાવી વાજતે ગાજતે અબીલ ગુલાલ અને શાસ્ત્રોક્ત વિધિ અનુસાર સ્થાપના કરવામા આવી હતી.જેમા સૌ અશિયા કુટુમ્બના સભ્યોએ હાજર રહી પૂજા અર્ચના અને ભજન કીર્તન સ્તવન ગરબા અને આરતી કરવામાં આવી હતી. દુઃખડા હરનારા દશામાંના ૧૦ દિવસીય ઉત્સવનો પ્રારંભ થયો છે ત્યારે ઘણી બહેનો દ્વારા અષાઢ માસની અમાસથી તો ઘણાં લોકો શ્રાવણ માસના પ્રારંભથી દશા માંના વ્રતની ઉજવણીનો પ્રારંભ કરતા હોય છે. વ્રતના પ્રારંભે દશા માતાજીની મૂર્તિની વાજતે-ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવે છે ત્યારબાદ સ્થાપન કરી દસ દિવસ દરમિયાન દશા માતાજીની પૂજા-અર્ચના, થાળ, મહાપ્રસાદ, ગરબા-આરતી વગેરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરી વ્રતની પુર્ણાહૂતિ બાદ દશા માતાજીની મૂર્તિને નદી- તળાવમાં પધરાવવામાં આવે છે દશા માતાના વ્રતને લઈ બજારમાં પૂજાપા, માતાજીના શણગાર સહિતની સામગ્રીની ખરીદીમાં પણ રોનક વધી છે. વધુમાં ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીના બે વર્ષ બાદ ભાવિક ભક્તો દ્વારા પર્યાવરણ બચાવવા માટે પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓની જગ્યાએ ઇકો ફ્રેન્ડલી માટીની મૂર્તિઓ બનાવવામાં આવી છે.

ડીસાના વોર્ડ ૧૦મા પીવાનું પાણી શરૂ કરાતા રહીશોને હાશકારો

ડીસાના વોર્ડ નં. ૧૦ મા આવેલ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં અવાર નવાર વિજ ફોલ્ટના કારણે બોરની લાઇટ બંધ થઈ જતી હોય છે.જેના કારણે અસહ્ય બફારા વચ્ચે ઘેર પાણી પણ ન આવતા લોકોને પાણી માટે વલખાં મારવાંનો વારો આવે છે.ત્યારે આજે પણ શ્રાવણના પ્રથમ દિવસે જ વીજ ફોલ્ટ થયો હતો જેના કારણે પાણી ના આવતા ખાસ કરીને મહિલાઓની હાલત કફોડી બની હતી. ત્યારે આ વિસ્તારના કોર્પોરેટર અને પાણી પુરવઠા ચેરમેન અમિતભાઈ રાજગોરને આ બાબતની જાણ થતાં તેમણે તાત્કાલિક વિજ ફોલ્ટ દૂર કરાવી પીવાનું પાણી ચાલુ કરાવ્યુ હતું.જેથી પાણી આવતા લોકોએ હાશકારો અનુભવ્યો હતો.

મેઘ મહેર : જિલ્લાનાં ૮૦૦ તળાવ, ૬૬૦ ચેકડેમમાં પાણીની મહત્તમ આવક

જુલાઈના પાછલા પખવાડીયામાં અતિભારે વરસાદના કારણે નબળું પાણીનું ચિત્ર સદ્ધર બન્યું છે. જિલ્લાના ૮૦૦ તળાવો તેમજ ૬૬૦થી વધુ ચેકડેમ અને ૧૬ નાની સિંચાઈ યોજનાઓમાં પાણીની સારી આવકથી ધરતીપુત્રોમાં મલકાટ જોવા મળ્યો છે. જુલાઈના અંતમાં જ તળાવ, ચેકડેમમાં વધુ પાણી સંગ્રહીત થતાં બોરકૂવા રીચાર્જ થયા છે જેના કારણે ઓણસાલ ભૂગર્ભ જળસ્ત્રોત વધુ સમૃદ્ધ બનશે તેવી આશા બંધાઈ છે. ઉત્તર ગુજરાતમાં વરસેલા ૭ થી ૧૬ ઈંચ જેટલા વરસાદના કારણે સમગ્ર ઉત્તર ગુજરાતમાં પાણીનું ચિત્ર બદલાયું છે. ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાની સરખામણીમાં સાબરકાંઠા, અરવલ્લીમાં એકંદરે મધ્યમ વરસાદ છે પરંતુ ખેતી અને જળાશયો માટે આશીર્વાદરૂપ વરસાદ સાબિત થયો છે. જિલ્લાના મધ્ય પૂર્વ અને ઉત્તર પટ્ટામાં સરેરાશ ૧૪ થી ૧૭ ઈંચ વરસાદ ખાબકતાં ખાલીખમ રહેલા તળાવ, ચેકડેમ, નાનીસિંચાઈ યોજનાઓ પૈકીની મોટાભાગના જળ સંગ્રહસ્ત્રોત વધ્યો છે.

બનાસકાંઠા અને રાજસ્થાનમાં વ્યાજબી ભાવે ઘાસચારાનું વિતરણ

રાજસ્થાનમાં અપૂરતા વરસાદના પગલે માનવ જીવન સાથે સાથે પશું જીવન પર પણ માઠી અસર પડી રહી છે.ઘાસચારાની તીવ્ર તંગીના પરિણામે રાજસ્થાનમાં પશુઓની હાલત કફોડી બની છે ત્યારે ડીસાના ઢુવા રોડ પર આવેલ મહાકાળી ફાર્મ હાઉસમા ભાગીયા તરીકે કામ કરતા મંછાભાઈ માળી દ્વારા રજકા બાજરી જે પશુધન માટે ઘાસચારા તરીકે ઉપયોગ કરવામાં આવે છે તેનું તેમના દ્વારા સમગ્ર બનાસકાંઠા સહિત રાજસ્થાનમાં પણ વ્યાજબી ભાવથી ગાડીઓમાં મોકલવામાં આવી રહી છે જેમાં રાજસ્થાનના ચૂડા વિસ્તારમાં અપૂરતા વરસાદ અને ઘાસચારાની તંગીના પરિણામે પશુઓની હાલત કફોડી બની ગઈ છે ત્યારે ખેડૂત દ્વારા વ્યાજબી ભાવથી ઘાસચારો પૂરો પાડવામાં આવી રહ્યો છે એવું મંછાભાઈ માળીએ જણાવ્યું હતું.

અંબાજીના રીંછડીયા ગામે ૭૨ લાખના વિદેશી દારૂ ઉપર જેસીબી ફેરવાયું

બનાસકાંઠા જિલ્લાનું યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલું છે. ગુજરાતમાં રાજસ્થાનથી આવતા વિદેશી દારૂને છાપરી ચેક પોસ્ટ કે જાંબુડી ચેકપોસ્ટ પર ચેકીંગ દરમિયાન અવારનવાર પકડવામાં આવતો હોય છે.ત્યાર બાદ થોડા સમય બાદ અધિકારીઓની દેખરેખમાં પકડાયેલા દારુના જથ્થાને નાશ કરવામાં આવતો હોય છે.ત્યારે અંબાજીમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં પકડાયેલા વિદેશી દારુના જથ્થા ઉપર અંબાજીના રીછડિયામાં જેસીબી ફેરવી દેવામાં આવ્યુ હતું. જેમાં પકડાયેલા દારૂના જથ્થાની ૨૫,૦૦૦ હજાર ઉપરાંત વિદેશી બોટલોનો નાશ કરી દેવાયો હતો. આ નાશ કરેલી વિદેશી દારુના જથ્થાની કિંમત ૭૨ લાખ ઉપરાંત હતી.અંબાજી પોલીસના વિસ્તારમાં પકડાયેલા ૨૦૨૧-૨૨ માં વિદેશી દારુના જથ્થાને નાશ કરવાની પ્રક્રિયામાં અંબાજી પોલીસ, દાંતા પ્રાંત અધિકારી ,ડીવાયએસપી વગેરે હાજર રહ્યા હતા.

સ્વચ્છતા અભિયાનને ગળે ટૂંપો દીધા જેવો ઘાટ

બાયડ નગરપાલિકા વિસ્તારમાં ઉભરાતી કચરા પેટીઓ, તાલુકા પંચાયત, ભૂખેલ રોડ ઉપર દુર્ગંધ વધી

હિંમતનગર, તા.૨૯

બાયડ પાલિકા વિસ્તારમાં સ્વચ્છતા અભિયાનને ગળે ટૂંપો દીધા જેવો ઘાટ સામે આવ્યો છે. નગરપાલિકા વિસ્તારોમાં ઉભરાતી કચરા પેટીઓના કારણે પાલિકાના વહીવટ સામે હવે પ્રજા જગજાહેર આંગળીઓ ચિંધવા લાગી છે. બાયડ તાલુકા પંચાયતમાં દરરોજ ૧૦૦૦થી વધુ મુલાકાતીઓ આવતા હોય છે અને ત્યાં પણ અત્યંત જીર્ણ થઈ ગયેલી કચરાપેટીએ અનેક સવાલ ઉભા કર્યા છે.

સમગ્ર દેશ સહિત રાજયમાં સ્વચ્છતા અભિયાન શરૂ થયું છે. પરંતુ બાયડ પાલિકા વિસ્તારમાં જ્યાં નગર કરો ત્યાં ગંદકીના ઢગ નગરની શોભા બનીને રહી ગયા છે. પાલિકામાં ગંદકી મુદ્દે રજૂઆત કરવામાં આવે તો ફરિયાદ સાંભળવી જ નહીં તેવી સ્થિતિ પેદા થઈ છે. બાયડના ગાબટ રોડ ઉપર, ચોઈલા રોડ, ભૂખેલ રોડ સહિતના અનેક વિસ્તારોમાં કચરાના ઢગ ખડકાયા પછી દુર્ગંધ વધુ ને વધુ પ્રસરી રહી છે. રાત્રે આસપાસના રહીશો માટે ઘરમાં રહેવું પણ મુશ્કેલ થઈ જાય તેવી ત્રાસદાયક સ્થિતિ હોવા છતાં પાલિકા સફાઈ અભિયાનમાં નિષ્ફળ ગયાનું ચિત્ર ઉપસ્યું છે. સૂકો અને ભીનો ઘન કચરો એકત્ર કર્યા પછી યોગ્ય જગ્યાએ ઠાલવવાના બદલે કેટલાક કર્મચારીઓ સોંપવામાં આવેલી જવાબદારીઓનું યોગ્ય પાલન કરતા ન હોય તેવા દ્રશ્યોએ બાયડને ગંદકીના કારણે કદરૂપુ બનાવી દીધું છે. બાયડ નગરપાલિકામાં અનેક ઠરાવો કરવામાં આવે છે પરંતુ તેનો અમલ ક્યારે થશે..?? તે પ્રજાને સમજાતું નથી. બાયડ પાલિકાના સત્તાધિશોએ હવે પ્રજાની સમસ્યાની નાડ પારખીને ત્વરીત ઉકેલ લાવવો પડશે અન્યથા પ્રજાનો આક્રોશ લાંબો સમય સુધી અકબંધ રહે તેવું જણાતું નથી.

કચરાના ઢગ અંગેની ફરિયાદો ધ્યાને લેવાતી નથી – રહીશો

બાયડ નગરપાલિકાના સોસાયટી વિસ્તારના અનેક રહીશોએ જણાવ્યું કે અમે ભાજપને ખોબલે ખોબલા ભરીને મત આપ્યા પરંતુ અમારા સોસાયટી વિસ્તારની નજીક એટલી હદે ગંદકી થઈ છે કે અમારે ઘર વેચીને અન્ય જગ્યાએ જવું પડે. પાલિકાના જવાબદારોને ધ્યાન દોરવા છતાં પણ કચરાના ઢગ અંગેની ફરિયાદો દૂર થઈ નથી. કેટલાક રહીશોએ તો પી.એમ. અને સી.એમ. પોર્ટલ ઉપર બાયડ પાલિકાના ગંદકી અંગે ફરિયાદ કરવાનો નિર્ણય કર્યો છે.

ભૂખેલ રોડ ઉપર ખુલ્લી ગટરોનો શૌચક્રિયા માટે ઉપયોગ

બાયડ પાલિકા વિસ્તારમાં ઘેર ઘેર સરકાર દ્વારા શૌચાલયો બનાવવામાં આવ્યા છે ત્યારે ભૂખેલ રોડ ઉપર ખુલ્લી ગટર તૈયાર કર્યા પછી તેના ઉપર ઢાંકણ ન મૂકાતાં દરરોજ એકાદ-બે બાળકો ગટરમાં ખાબકી રહ્યા છે અને વહેલી પરોઢ, સમી સાંજે કેટલાક લોકો દ્વારા ખુલ્લી ગટરોનો શૌચક્રીયા માટે ઉપયોગ થઈ રહ્યો છે.

જિલ્લામાં રક્ષાબંધન નિમિત્તે રાખડી બજાર સજ્જ

જી.એસ.ટી.થી રાખડીના ભાવમાં તોતિંગ વધારો

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૯

જિલ્લામાં રક્ષાબંધનનું પર્વ નજીક આવતાં રાખડી બજાર સજ્જ થયું છે. ભાઈ-બહેનના પવિત્ર પ્રેમને ઉજાગર કરતા પર્વને પણ જી.એસ.ટી.નું ગ્રહણ લાગતાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે રાખડીના ભાવમાં ૫ થી ૧૦ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે. જો કે રાખડી ગમે તેટલી મોંઘી હોય પરંતુ બહેન માટે ભાઈની રક્ષા મહત્વની હોવાથી બંન્ને જિલ્લામાં વરસાદી ઝાપટાં થતાં ખરીદી માટે બહેનોએ સારો ઉત્સાહ દાખવ્યાના દ્રશ્યો ઠેકઠેકાણે જોવા મળ્યા હતા. રક્ષાબંધનના પર્વને આડે ગણતરીના દિવસ બાકી રહેતાં અને વરસાદે પણ ખમૈયા કરતાં રાખડી બજારમાં છેલ્લા બે દિવસથી સારી ઘરાકી નિકળ્યાનું વેપારીઓ જણાવી રહ્યા છે.

જિલ્લામાં તા.૧૧ ઑગષ્ટને સોમવારે રક્ષાબંધનનું પવિત્ર પર્વ ઉજવાશે. રક્ષાબંધનને નાળીયેરી પુનમ પણ કહેવામાં આવે છે. મોટાભાગના વિસ્તારોમાં પુનમે યજ્ઞોપવિત સહિતના કાર્યો થતા હોય છે. જિલ્લામાં રક્ષાબંધનનું પર્વ નજીક આવતાં જ તમામ વિસ્તારોમાં રાખડી બજાર અવનવી રાખડીઓથી સજ્જ બની ગયું છે. જિલ્લામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ઉત્તરપ્રદેશના મુખ્ય મંત્રી યોગીના ફોટાવાળી રાખડીઓએ આકર્ષણ જમાવ્યું છે. જ્યારે રૂા.૨૦૦૦ની નોટવાળી રાખડીઓએ પણ બજારમાં આગવું આકર્ષણ ઉભું કર્યું છે. જિલ્લામાં મોટાભાગે રાજસ્થાન રાખડી, રૂદ્રાક્ષ, સુખડ, છોટાભીમ, બેન્ટેન્ટ, ટોમેન્ઝરી રાખડીઓ નાના બાળકો માટે આકર્ષણરૂપ બની રહી છે. જિલ્લામાં ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધનના પર્વને પણ આ વર્ષે મોંઘવારીનું ગ્રહણ લાગ્યું છે. જી.એસ.ટી.ના અમલ પછી ગત વર્ષ કરતાં પણ આ વર્ષે રાખડીઓનો ભાવ બમણા થયા છે. ગત વર્ષે રૂા.૫૦ માં મળતી રાખડી આજે રૂા.૮૦ના ભાવે વેચાય છે. જિલ્લામાં રક્ષાબંધન પર્વને આડે ગણતરીના દિવસ બાકી રહેતાં પરંપરાગત રાખડીઓ ઉપરાંત શ્રીમંત પરિવારોની બહેનોએ પોતાના ભાઈના કાંડે બાંધવા માટે સોના-ચાંદી તેમજ ડાયમંડની ખાસ રાખડીઓ અગાઉથી જ તૈયાર કરાવી હોવાનું જાણવા મળ્યું છે.

સપ્તાહ પછી સૂર્યપ્રકાશ ધરતી પર પથરાયો

વરસાદ થંભ્યો : જિલ્લામાં બજારો ધમધમ્યાં, શાળાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૯

છેલ્લા એક સપ્તાહથી વરસાદ અને વરસાદી હેલીના કારણે બજારો ઉપર વિપરીત અસર પડી હતી. શુક્રવાર સવારથી જિલ્લાના ૧૪ તાલુકાઓમાં સાર્વત્રિક ઉઘાડ નિકળ્યો હતો. સૂર્ય પ્રકાશ ધરતી ઉપર પથરાતાં વહીવટી તંત્રએ હાશ અનુભવી છે. ઉઘાડ નિકળતાંની સાથે બજારોમાં ખરીદી માટે માનવભીડ ઉમટી પડતાં બજારો ધમધમ્યાં હતાં. જ્યારે શાળાઓમાં પણ સપ્તાહના અંતિમ દિવસે ઉઘાડ નિકળવાના કારણે વિદ્યાર્થીઓની સંખ્યા વધતાં બાળકોના કોલાહોલથી શૈક્ષણિક સંકુલો ગુંજી ઉઠ્યાં છે.

વરસાદે ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં આફત નોંતરી છે તેની સરખામણીએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાનું વહીવટી તંત્ર અને પ્રજા નસીબદાર છે તેમ જરૂર કહી શકાય તેમ છતાં જિલ્લાના અનેક વિસ્તારોમાં એક સપ્તાહમાં સરેરાશ ૪ થી ૭ ઈંચ વરસાદ ખાબકતાં કપાસ સહિતની ખેતીને નુકસાન પહોંચ્યું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. ત્યારે ગત રોજથી વરસાદ થંભ્યો હતો પરંતુ ક્યાંક ક્યાંક વરસાદી ઝાપટાં વરસતાં જોવા મળ્યાં હતાં. ગુરૂવારે સવારે બાયડ સહિતના અનેક વિસ્તારોમાં ઝરમરીયો વરસાદ વરસ્યો પરંતુ ત્યારબાદ સાઠંબા થી પોશીના પટ્ટામાં સાર્વત્રિક ઉઘાડ નિકળતાં ધરતીપુત્રો પણ વરસાદના ખમૈયાથી રાહત અનુભવી છે. ઉઘાડ નિકળતાંની સાથે ખેડૂતો ખેતી જોવા માટે ઉમટતાં ખેત સીમાડા જીવંત લાગ્યા તે જ રીતે બજારોમાં પણ ભારે વરસાદના કારણે ઘરાકી અદ્રશ્ય થઈ ગઈ હતી પરંતુ શુક્રવારે ઉઘાડ નિકળતાંની સાથે કરીયાણા, શાકભાજી, ગારમેન્ટ સહિતના બજારોમાં ખરીદી માટે મોટી ભીડ જોવા મળી હતી. વેપારીઓ પણ ઉઘાડ નિકળતાં આવેલી બમ્પર ઘરાકીથી ખુશ જોવા મળ્યા છે.

મોંઘવારીમાં જી.એસ.ટી.ના અમલથી મુશ્કેલી વધી

જિલ્લામાં ઘરખર્ચમાં મહિને રુ ૧૫૦૦નો વધારો, ગૃહીણીઓનું બજેટ તહસ નહસ

જી.એસ.ટી. લાગુ થતાં અનાજ, કઠોળના ભાવ વધવાની સાથે શાકભાજી મોંઘી

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વધતી જતી મોંઘવારીએ ગૃહીણીઓના બજેટને તહસ નહસ કરી નાખ્યું છે. અનાજ, કઠોળ ઉપર જી.એસ.ટી. લાગુ થયા પછી વર્તમાન સમયમાં શાકભાજીના ભાવ પણ આસમાને પહોંચી રહ્યા છે જેથી ઘરખર્ચમાં મહિને રુ ૧૫૦નો વધારો થવાથી ગૃહીણીઓ મોંઘવારીથી પરેશાન બની છે. અનાજ, કઠોળ, શાકભાજી તેમજ અન્ય ખાદ્ય ચીજોના ભાવ વધતાં હવે ખરીદીમાં પણ કાપ મૂકવાની ગૃહીણીઓને ફરજ પડી છે.

જિલ્લામાં ખાદ્ય ચીજવસ્તુઓમાં મોંઘવારી હાવિ થઈ છે. રોજ ભાવ ઉંચકાતા હોવાના કારણે ગૃહીણીઓ હેરાન પરેશાન બની છે. ધંધા-રોજગારોમાં તહેવારો પૂર્વ મંદીનો માહોલ છવાયેલો છે ત્યાં અનાજ અને કઠોળ ઉપર જી.એસ.ટી. લાગુ થયા પછી ગૃહીણીઓ માટે ઘરનું સંચાલન કરવું અત્યંત મુશ્કેલ બન્યું છે. જિલ્લામાં જી.એસ.ટી.ના અમલ પછી પરિવાર દીઠ ખર્ચમાં રુ ૧૫૦૦નો મહિને વધારો થયો છે. અનાજ, કઠોળ, શાકભાજી, દહીં, છાશમાં પણ ભાવ ઉંચકાયા હોવાના કારણે હવે ગૃહીણીઓને ચીજવસ્તુઓની ખરીદીમાં ઘરના બજેટનો ખાસ ખ્યાલ રાખવો પડી રહ્યો છે. કેટલાક પરિવારોમાં તો શાકભાજીના ભાવ ઉંચા હોવાના કારણે સપ્તાહમાં ૨ થી ૩ વખત ભોજનમાં કઠોળનો ઉપયોગ થતો હતો પરંતુ જી.એસ.ટી. લાગુ થયા પછી ભાવ ઉંચકાતાં હવે સપ્તાહમાં એક જ વાર કઠોળનો ઉપયોગ કરવાની ફરજ પડી છે તેમાંય ચોમાસાની સીઝનમાં શાકભાજીની આવક ઘટી છે જેના કારણે ભાવમાં અસહ્ય વધારો ઝીંકાયો છે. જેથી હવે ઘરખર્ચમાં મહિને વધારાનો બોજ વધી જતાં મોંઘવારીથી સમસમી જવાય તેવી સ્થિતિ મધ્યમ વર્ગીય પરિવારોમાં પેદા થઈ છે.

બનાસકાંઠા જિલ્લાના સુઈગામમાં સિઝનનો ૯૦ ટકા વરસાદ.....

અનેક ખેતરોમાંથી હજુ પાણી ઓસર્યા નથી, અહીંના ખેડૂતો હવે કરશે વાવેતર : જિલ્લામાં સીજનનો ૬૨ ટકા વરસાદ નોંધાયો, સહુથી ઓછો ધાનેરામાં ૪૦ ટકા વરસાદ થયો : જિલ્લાના દાંતીવાડા સીપુ અને મુક્તેશ્વર ડેમ હજુ ખાલીખમ...

પાલનપુર તા. ૨૯

આ વર્ષે જિલ્લાના મોટાભાગના તાલુકાઓમાં વરસાદની સારી સ્થિતિ છે. જિલ્લામાં સહુથી વધુ વરસાદ દાંતા તાલુકામાં નોંધાયો છે. જિલ્લામાં સરેરાશ વરસાદ જે તાલુકામાં નોંધાય છે તેમાં સુઈગામમાં સિઝનનો ૯૦ ટકા વરસાદ વરસી જતા હજુ કેટલાક ગામોમાં નીચાણ વાળા વિસ્તારોમાં આવેલા ખેતરોમાંથી હજુ પાણી ઓસર્યા નથી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

સમગ્ર બનાસકાંઠા જિલ્લાના જુદા જુદા ૧૪ તાલુકા મળી સીજનનો ૬૨ ટકા વરસાદ નોંધાયો છે, જેમાં સુઈગામ ૮૯.૬૮ ટકા, થરાદમાં ૭૭.૮૫ ટકા, દાંતાના ૭૪.૬૮ ટકા, ભાભરમાં ૭૩.૩૫ ટકા, દિયોદરમાં ૬૯.૯૮ ટકા,વાવમાં ૬૮.૦૯ ટકા, વડગામમાં ૬૬.૨૪ ટકા, કાંકરેજના ૫૬.૨૪,પાલનપુરમાં ૫૫.૨૨,ડીસામાં ૫૨ ૬૪,અમીરગઢમાં ૫૦.૪૬, લાખણીમાં ૪૭.૮૭, દાંતીવાડામાં ૪૭.૫૩ જ્યારે સહુથી ઓછો ધાનેરામાં ૪૦ ટકા વરસાદ નોંધાયો છે. બીજીતરફ જિલ્લાના દાંતીવાડા સીપુ અને મુક્તેશ્વર ડેમ હજુ ખાલીખમ છે. અને નોંધપાત્ર પાણીની કોઈ આવક થઈ નથી. હજુ રાજ. દાંતાના પહાડોમાં સારો વરસાદ થાય એવી ખેડૂતો મીટ માંડીને બેઠા છે.

જળાશયોની સ્થિતિ

જળાશય	હાલનીસ્થિતિ	ટકાવારી
દાંતીવાડાડેમ	૫૫૩.૩૫ ફૂટ	૮.૯૫
સીપુ	૦૦	૦૦
મુક્તેશ્વર	૧૯૦.૫૨મીટર	૩.૩૮ ટકા

અટી મહિનામાં ક્યાં કેટલો વરસાદ પડ્યો

અમીરગઢ	૪૦૯ મી.મી.
કાંકરેજ	૨૭૩ મી.મી.
ડીસા	૩૯૭ મી.મી.
થરાદ	૩૬૯ મી.મી.
દાતા	૬૫૦ મી.મી.
દાંતીવાડા	૩૭૫ મી.મી.
દિયોદર	૪૬૬ મી.મી.
ધાનેરા	૨૪૯ મી.મી.
પાલનપુર	૪૨૯ મી.મી.
ભાભર	૪૨૩ મી.મી.
લાખણી	૨૮૨ મી.મી.
વડગામ	૫૨૯ મી.મી.
વાવ	૨૭૪ મી.મી.
સુઈગામ	૪૯૯ મી.મી.

વિશ્વના સૌથી લોકપ્રિય નેતા મોદીજી... હિંમતનગર ખાતે એક અનોખા અંદાઝમાં

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૨૯

મોદીજીની આજે વિશ્વ આખાયમાં વાહ વાહ થઈ રહી છે તે આપણે સૌ જાણીએ છીએ. કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે ૨૦ વર્ષ પહેલાં ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજમાન થનાર નરેન્દ્રભાઈ એક દિવસ ભારતના પ્રધાનમંત્રી પણ બનશે અને એટલુંજ નહિ તે પણ એવા પ્રધાનમંત્રી કે જેનો અંદાઝ અને મિજાજ સાવ અનોખો હશે!! ખુદ મોદીજીને પણ ખ્યાલ નહિ હોય કે ઈજીજી ની સેવામાં ગળાડૂબ રહેનાર પોતાને આટલી મોટી જવાબદારી ઉપાડવાની આવશે અને ખૂબ મોટી પ્રસિદ્ધિ પણ મળશે!! મોદીજી ખૂબ લોકપ્રિય અને પ્રસિદ્ધિને પાત્ર બન્યા તેની પાછળ તેમનો ઈતિહાસ છે. મોદીજી રાજકારણમાં સક્રિય થયા તે પહેલાં લગભગ ૩૦ વર્ષનો યુવાની કાળ તેઓએ એક સાધુની માફક ભારતભ્રમણમાં ખર્ચ કર્યો છે... આપણે ત્રણ કે ચાર વર્ષ કોલેજમાં કાઢીએ તેવી રીતે તેમની કોલેજ લગભગ ૩૦ વર્ષ સુધીની રહી છે... ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરમાં તેઓ માત્ર હિમાલયમાં જ નથી રહ્યા. હા તેમના ભારત ભ્રમણમાં અનેક સાધુ, સંતો, મહંતોની મુલાકાતો થઈ હશે પણ સાથે સાથે તેઓ ભારતના અમીરો-ગરીબોને મળ્યા તો સાથે સાથે ખેડૂતો,મજૂરો, મિલમાલિકો, ધંધા, રોજગારવાળાઓને પણ મળ્યા છે... તેઓ ગામડે ગામડે ફર્યા તો દરેક નાતિ-જાતિ તેમજ વિવિધ સંપ્રદાયના લોકોને પણ મળ્યા છે. તેઓએ ભારત ભ્રમણ દરમ્યાન ભારતની ભૂગોળને પચાવી તો ઈતિહાસ પણ જાણ્યો અને ભારતના નાગરિકશાસ્ત્રને પણ ઓળખી ગયા.... ભારતની પ્રજાની ખૂબીઓને પણ જાણી અને તેમની નબળાઈને પણ પરખી છે!! ભારતની તાકાત, સ્વભાવ તેમજ રુચિ-અરુચિની સાથે સાથે ભારતીય જનતાની સંવેદનાને પણ બખૂબી ભણી છે. ભારતનું "રત્ન" ગણાતા મોદીજી આપણને રસ્તે જતા નથી મળી ગયા... મોદીજી ઈશ્વરની ઈચ્છાથી અને ખાસ મકસદથી ઈશ્વરી તાકાત દ્વારા પ્રોજેકટ થયા છે. તેમનો ૩૦ વર્ષનો દેશના નાગરિકો જોડેનો સહવાસ આજે રંગ લાવ્યો છે!! આજે સાબર ડેરી, હિંમતનગર ખાતે તેઓ વિવિધ પ્લાન્ટના ઉદ્ઘાટન સમારોહમાં આવ્યા હતા ત્યારે જનતા જનાર્દનને સંબોધન કરતા હતા ત્યારે કોઈ કહી ના શકે કે વિશ્વના નેતાઓ જેમની રાહ જોતા હોય છે અને તેમના માન સન્નમાન માટે તત્તપર જોવા મળે છે તે જ મોદીજી છે!! તેઓ એક ઉચ્ચ હોદ્દા ઉપર હોવા છતાં વિશાલ જનમેદની જોડે તેઓ રીતસરના સહજ વાતો કરવા અને સગાવહાલાને મળવા આવ્યા હોય તેવા અધિરા પણ હતા... તેમની બોડીલેંગ્વેજમાં સહજતા દેખાતી હતી!! હિંમતનગર આવ્યા હતા પણ એવું લાગતું હતું કે જાણે મોસાળમાં ના આવ્યા હોય?? તેમણે જુના સંસ્મરણો તાઝા કરતા યાદ અપાવ્યું કે ... "હિંમતનગરના બસ સ્ટેન્ડ આગળ જીપવાળાઓ ખેડ...ખેડ... વડાલી... વડાલી... ઈડર...ઈડર...ભિલોડા...ભિલોડા... એવી પેસેન્જરો માટે હાકલ કરતા એ મને યાદ છે!!" એટલુંજ નહિ તેઓએ મંચ ઉપરથી પંથકના અનેક જુના મિત્રોને નામ સાથે યાદ કર્યા!! ૫૦ વર્ષ પહેલાંની એક એક વાત મોદીજીની આંખો સામે છતી થતી હતી... આટલું બારીકાઈથી આપણને કોઈને યાદ રહેતું નથી, એમને બધુજ યાદ છે, કારણ કે તે ભૂમિ પ્રત્યેનો તેમનો પ્રેમ છે!! મોદીજીને ગુજરાત જ નહીં પણ ભારતના કોઈપણ વિસ્તારમાં જવાનું થાય ત્યાં તેમનો ઈતિહાસ લખાયેલો જ હોય!! વર્તમાન ભારતમાં આવો કોઈ બીજો નેતા જોવા મળે તો બતાવો?? મોદીજીની સફળતાનું રહસ્ય પણ આ જ છે... તેઓ ભારતના તમામ વિસ્તારના ભૂતકાળથી વાકેફ છે, તકલીફો, મુશ્કેલીઓથી વાકેફ છે અને જે તે પ્રાંતના હુન્નર, કળા અને વિશેષતાથી પણ પૂર્ણ રીતે વાકેફ છે. ૪ વર્ષ પહેલાંની ઘટના કે મિત્રના યોગદાનને પણ લોકો ભૂલી જતા હોય છે પણ આ મહાપુરુષને તમામ વાતો યાદ છે!! મોદીજી અહીંયા અન્ય નેતાઓથી ભિન્ન તરી આવે છે., મોદીજીએ તમામ પરિસ્થિતિ જોયેલી છે , જાણેલી છે અને યાદ પણ છે કારણ કે તેમને પોતાના ભારતના ગામડાઓ માટે અને ત્યાંની જનતા માટે લાગણી છે!! ભારત વર્ષોથી જે બીમારીથી પીડાતું હતું તે બીમારી કેવી રીતે ભારતમાં પ્રસરી છે તે તેઓ બખૂબી જાણતા હતા એટલે તેનો ઈલાજ કરતા રહ્યા છે અને ભારતને એક નવા મુકામ તરફ દોરી જઈ રહ્યા છે...

મુંબઈથી રૂપિયા ૨.૮૩ કરોડના ૨ હીરા લઈને ફરાર થયેલો શખ્સ પાલનપુર નજીકથી ઝડપાયો

પાલનપુર તા. ૨૯

પાલનપુર તાલુકાના મડાણા ગઢનો શખ્સ મુંબઈથી રૂપિયા ૨.૮૩ કરોડના ૨ હીરા લઈને ફરાર થયો હતો. જેને બનાસકાંઠા એસ.જી ની ટીમે પાલનપુરના મલાણા ગામ નજીકથી ઝડપી લીધો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,

બનાસકાંઠા એસ ઓ જી પી. આઈ. બી. કે. ચૌધરીએ જણાવ્યું હતું કે, પાલનપુર તાલુકાના મડાણા(ગઢ)નો ભરતકુમાર કરશનભાઈ કંઢોલ (પટેલ) મુંબઈ બાન્દ્રા કુર્લાથી રૂપિયા ૨,૮૩,૦૦,૦૦૦ના બે હીરાની છેતરપિંડી કરી ફરાર થયો હતો. આ અંગે તેની સામે મુંબઈ બાન્દ્રા કુર્લા પો.સ્ટે. ગુ.ર.નં.-૦૭૫૯/૨૦૨૨થી ગુનો નોંધાયો હતો. દરમિયાન આ આ શખ્સ બુધવારે પાલનપુર તાલુકાના મલાણા ગામના પાટીયા પાસે ઉભો હોવાનું જાણવા મળતા ટીમ સાથે ત્યાં જઈ તેને ઝડપી લેવાયો હતો.